શ્રી એમ. જી. એસ. કેળવણી મંડળ સંચાલિત

# શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કોલેજ, મુનપુર

તાલુકો : કડાણા, જિ.: મહીસાગર, પિન : ૩૮૯૨૫૦

સ્થાપના - ૧૯૯૧

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ-ગોધરા સાથે સંલગ્ન

SMT C.R.GARDI ARTS COLLEGE, MUNPUR

तमसो मा ज्योतिर्गमय

# પ્રોસ્પેક્ટસ

## વર્ષ : ૨૦૨૬-૨૭


ડૉ. મહેશ કે. મહેતા
આચાર્યશ્રી

ડૉ. હિરેન પંડ્યા
પ્રમુખશ્રી



સ્થળ : શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કૉલેજ, મુનપુર
તાલુકો : કડાણા, જિ.: મહીસાગર, પિન : ૩૮૯૨૫૦
કોલેજ વેબસાઇટ : http://munpurcollege.com
કોલેજ ઇમેલ : crgac283@gmail.com

# શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કોલેજ, મુનપુર

## સંસ્થાનું મિશન

- આદિવાસી વિસ્તારના લોકોને ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવું.

## સંસ્થાના ધ્યેયો અને ઉદ્દેશ્યો

- આ અવિકસિત વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર કરવો જ્યાં ઉચ્ચ શિક્ષણનો દર ખૂબ જ ઓછો છે.
- ઉચ્ચ શિક્ષણની તીવ્ર જરૂરિયાત ધરાવતા વિસ્તારના વંચિત આદિવાસી લોકો પર ખાસ ધ્યાન આપવું.
- એવું વાતાવરણ બનાવવું કે હિતધારકોને કમ્પ્યુટર અને ટેકનોલોજી દ્વારા શિક્ષણના આધુનિક વિકાસની સુલભતા મળે.
- વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી માટે પ્રાદેશિક ભાષા ગુજરાતી, રાષ્ટ્રીય ભાષા હિન્દી, શાસ્ત્રીય સંસ્કૃતના ક્ષેત્રમાં સંશોધનની તક પૂરી પાડવી અને અંગ્રેજી ભાષા અને સાહિત્ય પ્રત્યે જાગૃતિ લાવવી.
- સમાજના યુવાનો માટે શિક્ષણને અર્થપૂર્ણ બનાવવું જ્યાં તેઓ જીવનના પડકારોના જવાબો શોધી શકે.
- સ્વસ્થ, સકારાત્મક વાતાવરણ દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષણની જોગવાઈ દ્વારા વિદ્યાર્થીઓને ટેકો આપવો જેમાં શિક્ષણ તેના ખરા અર્થમાં થાય છે.
- રાષ્ટ્રનિર્માણ માટે માનવતા, પ્રામાણિકતા, નૈતિકતા અને દેશભક્તિ જેવા મૂલ્યોના મહત્વ માટે સ્ટાફ અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવી.
- વિદ્યાર્થીઓને ભારતની સાંસ્કૃતિક વિવિધતાથી પરિચિત કરાવવા માટે સાંસ્કૃતિક અને યુવા ઉત્સવ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા.
- વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં શારીરિક તંદુરસ્તી અને સ્વાસ્થ્ય જાળવવામાં રસ કેળવવા.
- મહિલા વિદ્યાર્થીઓને જીવનના પડકારો માટે સશક્ત બનાવવા અને C.W.D.C. ની મદદથી તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવવું.
- સક્ષમ અને વ્યાવસાયિક રીતે લાયકાત ધરાવતા સ્ટાફનીનિમણૂકકરવી.
- બધી સંસ્કૃતિઓ, ધર્મો, જાતિઓ અને સંપ્રદાયોને માન આપવું અને કેમ્પસમાં આવું વાતાવરણ બનાવવું.

## કોલેજ પ્રોફાઇલ

નામઃ- શ્રીમતી સી.આર.ગાર્ડી આર્ટસ કોલેજ

સરનામું :- મુ.પો.-મુનપુરતાલુકો-કડાણાજિલ્લો-મહીસાગર,૩૮૯૨૫૦

ઓફર કરેલ પોગ્રામ : – બી.એ.ગુજરાતી,હિન્દી, સંસ્કૃત અને સામાજશાસ્ત્ર

સંપર્ક :- 9512075999 સમય :- 7:30 થી 12:30

## પૂર્ણ સમયના શિક્ષકોની યાદીઃ સત્ર- 2026-27

વિષયનાપૂર્ણ સમયના શિક્ષકના નામ : -

1) ડૉ.મહેશ કે મહેતા - આચાર્ય, સંસ્કૃત

2) ડૉ.નવીનચંદ્ર એન પટેલ - એસો.પ્રોફેસર,પી.ટી.

3) ડૉ.મહેઝબીન એ સૈયદ - એસો.પ્રોફેસર, સમાજશાસ્ત્ર

4) ડૉ. સુશીલા એસ. વ્યાસ - એસો. પ્રોફેસર, હિન્દી

5) ડૉ.હર્ષદા જે શાહ - એસો.પ્રોફેસર, ગુજરાતી

6) પ્રો.જયસિંહ એલ ખાંટ - એસો.પ્રોફેસર, ગુજરાતી

7) ડૉ. ગણપતસિંહ પી ઠાકોર - એસો. પ્રોફેસર. સમાજશાસ્ત્ર

8) પ્રો.લક્ષ્મી ટી વસાવા - આસીસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર

9) ડૉ. પરેશકુમાર જી પારેખ - આસીસ્ટન્ટ પ્રોફેસર,સંસ્કૃત

10) ડૉ.પરેશ કે ચૌધરી. - આસીસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી

11) ડૉ.જીતેન્દ્ર નિનામા - આસીસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત

બાદ વિદ્યાર્થીએ યુનિવર્સિટીમાં પોતાનું માઈગ્રેશન સર્ટિફિકેટ જમા કરાવવાનું રહેશે. મુશ્કેલી જણાય તો કોલેજ કાર્યાલયનો સંપર્ક કરવો. સરકારશ્રીના નિયમો મુજબ અનામત બેઠકો ફાળવવામાં આવશે. સરકારશ્રીએ મહિલા વિદ્યાર્થીઓને ટ્યુશન ફી માંથી મુક્તિ આપી છે. દરેક સેમેસ્ટરમાં નિયમો મુજબ ફી ચૂકવવાની રહેશે.પ્રવેશ સમયે ઓરીજનલ દસ્તાવેજો બતાવાના રહેશે.

## સામાન્ય નિયમો

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ મુજબ અભ્યાસક્રમ લાગુ કરવામાં આવ્યો છે.
કોલેજના ફેકલ્ટી દ્વારા વર્ગ શરૂ થાય તે તારીખે વર્ગખંડમાં વિષયવાર વિષયવસ્તુનો અભ્યાસક્રમ આપવામાં આવશે. બધા વર્ગના અભ્યાસક્રમની માહિતી નોટિસ બોર્ડ પર મુકવામાં આવે છે. અભ્યાસક્રમની માહિતી કોલેજ લાઇબ્રેરીમાં લાઇબ્રેરિયન પાસેથી મેળવી શકાય છે. શ્રી ગોવિંદગુરુ યુનીવર્સીટીની વેબસાઈટ પર બધા અભ્યાસક્રમો ઉપલબ્ધ છે, વિદ્યાર્થીએ ફોર્મમાં આપેલા વિષય જૂથમાંથી કોઈપણ એક જૂથ પસંદ કરવાનું રહેશે. વિદ્યાર્થીઓએ ફરજિયાતપણે NSS અથવા રમતગમતમાં જોડાવાનું રહેશે. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા પછી દરેક વિદ્યાર્થીને રોલ નંબર ફાળવવામાં આવશે. જો કોલેજ અંગે કોઈ ફરિયાદ હોય, તો વિદ્યાર્થીએ આચાર્યને મળવું. કોલેજમાં એક સૂચન બોક્સ મૂકવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થી કોલેજ સંલગ્ન કોઈ પણ સૂચન મૂકી શકે છે. પ્રવેશ સમયે ફાળવેલા વિષયો વિદ્યાર્થી પોતાની ઈચ્છાથી બદલી શકશે નહીં.

પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કોલેજ જણાવે ત્યારે દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટી એનારોલમેન્ટ ફોર્મ ફરજિયાતપણે ભરવાનું રહેશે. જે વિદ્યાર્થી એનારોલમેન્ટ ફોર્મ નહીં ભરે તેમનો પ્રવેશ આપમેળે રદ થઈ જશે.

વિદ્યાર્થીઓએ નિયમિતપણે કોલેજ નોટિસ બોર્ડ જોતારહેવું. સમયસર સૂચનાઓ નોટિસ બોર્ડ પર લગાવવામાં આવશે. વિદ્યાર્થી માટે ૮૦% વર્ગ હાજરી હોવી ફરજિયાત છે. ૮૦% થી ઓછી હાજરી ધરાવતો વિદ્યાર્થી વાર્ષિક પરીક્ષામાં બેસવા માટે પાત્ર રહેશે નહીં.
નોટિસથી જાણ કરવામાં આવે ત્યારે વિદ્યાર્થીએ પોતાનું આઈકાર્ડ કાર્યાલયમાંથી મેળવી આપેલ સમય મર્યાદામાં આચાર્યશ્રીના સહી સિક્કા કરાવી લેવાના રહેશે. આઈકાર્ડ ફરીથી લેવાનું થાય તો નિયત ફી ચુકવાની રહેશે.

જે તે સેમેસ્ટરની યુનીવર્સીટી માર્કશીટ કોલેજ કાર્યાલયમાંથી આપેલ સમયમર્યાદામાં મેળવી લેવાની જવાબદારી વિદ્યાર્થિની રહેશે, વિદ્યાર્થીઓ કોલેજમાં મોબાઇલ ફોનનો ઉપયોગ કરી શકશે નહીં. કેમ્પસમાં ગમે ત્યાં કચરો ફેંક્યા વિના ડસ્ટબીનનો ઉપયોગ કરવો. વિદ્યાર્થીઓને કોલેજ કેમ્પસમાં તમાકુ કે તમાકુ ઉત્પાદનો અને માદક દ્રવ્યોનું સેવન કરી શકાશે નહીં. આવી પ્રવૃત્તિઓ કરતા જોવા મળતા વિદ્યાર્થી સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

## શિષ્યવૃત્તિ સબંધિત સુચના

શિષ્યવૃત્તિ પ્રક્રિયા ફક્ત ઓનલાઈન મોડ પર છે. શિષ્યવૃત્તિ ફોર્મ ભરવાની ઓનલાઈન પ્રક્રિયા સરકારશ્રી જે સમય મર્યાદા આપે તે સમયમાં વિદ્યાર્થીએ જાતે કરવાની રહેશે. આ સમયની જાણ નોટીસ બોર્ડ પર કરવામાં આવશે. શિષ્યવૃત્તિ ફોર્મની પ્રિન્ટ કોપી જરૂરી દસ્તાવેજો સાથે કોલેજમાં સબમિટ કરવાના રહેશે.

આ શિષ્યવૃત્તિનો લાભ SC/ST/SEBC અને EWS વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્ર અને સત્તા મંડળ દ્વારા જારી કરાયેલ આવક પ્રમાણપત્રોના આધારે મળશે.

સ્કોલરશીપની રકમ સરકારના નિયમો અનુસાર મળશે. આ રકમ જે તે વિભાગ વિદ્યાર્થીને બેંક મારફતે જ ચૂકવે છે.

સ્કોલરશીપ માટે, સમયાંતરે આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવું પડશે. વિદ્યાર્થીએ પોતાના આઈડી દ્વારા પોતાની શિષ્યવૃત્તિનું સ્ટેટસ જોતા રહેવું. જેથી શિષ્યવૃત્તિ ફોર્મ કોઈ કારણ સાથે રીજેક્ટ થયું હોય તો કારણ જાણી ઓનલાઈન પૂર્તતા કરી શકાય. રીજેક્ટ થયેલા ફોર્મની પૂર્તતા થયા બાદ કોલેજને અચૂક લેખિત જાણ કરવાની રહેશે.

## કોલેજ ઇન્ફ્રાસ્ટ્રક્ચર

| | |
|---|---|
| વર્ગખંડ: 20 | સેમિનાર હોલ: 02 |
| NSS ઓફિસ | સેન્ટ્રલ લાઇબ્રેરી |
| પરીક્ષા વિભાગ | આચાર્યઓફીસ |
| વહીવટી કાર્યાલય | સ્ટાફ રૂમ |
| વિદ્યાર્થિનીરૂમ | કમ્પ્યુટર લેબ-1 |
| સ્માર્ટબોર્ડ -૨ | LCD સ્ક્રીન સાથે પાવર પ્રોજેક્ટર-4 |
| 10 કોમ્પ્યુટર, 3 લેપટોપ, કેમેરા, | વોઈસ રેકોર્ડર, |
| પબ્લિક જાહેરાત સિસ્ટમ | દૂરબીન |
| ટેલિસ્કોપ | ઇન્ટરએક્ટીવપેનલબોર્ડ (સ્માર્ટબોર્ડ)-2 |
| ટેલિવિઝન-3 | બટન માઈક |
| વિકલાંગ વ્યક્તિઓ માટે રેમ્પ અને વોશરૂમ | વ્હીલચેર |

| | | |
|---|---|---|
| પાર્કિંગ વિસ્તાર | વોટર કુલર-2 | બધા માટે વોશરૂમ |
| સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ | ઓપન સ્ટેજ | જનરેટર |
| સંગીત વાદ્ય | નમો કેમ્પસ વાઇફાઇ | |

## કોલેજની પ્રવૃત્તિઓ

| | | |
|---|---|---|
| સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | સાહિત્યિક પ્રવૃત્તિ | વ્યાખ્યાન પ્રવૃત્તિ |
| રમતગમત પ્રવૃત્તિ | સ્વાસ્થ્ય પ્રવૃત્તિ | વિદ્યાર્થી પરામર્શ |
| એનએસએસ પ્રવૃત્તિ | પ્લેસમેન્ટ અને ઇનોવેશન | |
| ફિનિશિંગ સ્કૂલ | સેમિનાર વર્કશોપ, સિમ્પોઝિયમ | |
| સાયબર સુરક્ષા સેલ | | |

## એન.એસ.એસ(રાષ્ટ્રીયસેવાયોજના)સબંધિત સુચના

જે વિદ્યાર્થીઓ એનએસએસ યુનિટમાં જોડાવા માંગે છે તેઓએ પોતાનું રજીસ્ટ્રેશન ફોર્મ ભરીને પ્રોગ્રામ ઓફિસરને આપવાનું રહેશે.

જે વિદ્યાર્થીઓ બે વર્ષથી આ પ્રવૃત્તિમાં સામેલ છે અને વાર્ષિક કેમ્પ પૂર્ણ કર્યો છે તેમને જ યુનિવર્સિટી પ્રમાણપત્ર મળશે.

એન.એસ.એસની દરેક પ્રવૃત્તિમાં હાજરી ફરજિયાત છે.

## રેગિંગ ગુનો છે.

જો કોલેજમાં કોઈપણ પ્રકારની શારીરિક કે માનસિક હેરાનગતિ થાય છે, તો તાત્કાલિક પ્રિન્સિપાલને લેખિતમાંઅ થવા મૌખિક રીતે જાણ કરો. કોલેજમાં સક્રિય એન્ટી-રેગિંગ સેલ છે. જે તમને મદદ કરશે. જો જરૂર હોય, તો તમે નેશનલ એન્ટી-રેગિંગ હેલ્પલાઇન નંબર 1800-180-5522 પર કૉલ કરીને મદદ માંગી શકો છો.

કોલેજિયેટ મહિલા વિકાસ સેલ - આ સેલ મહિલાઓ પ્રત્યે થતી કોઈપણ પ્રકારની હેરાનગતિ અટકાવવા અને તેમને સશક્ત બનાવવા માટે કાર્ય કરે છે. આ માટે, તમે ડૉ. સુશીલા વ્યાસનો સંપર્ક કરી શકો છો.

મદદ ઉપલબ્ધ છે, સંપર્ક કરો; રાષ્ટ્રીય મહિલા આયોગ હેલ્પલાઇન, 7827170170; કેન્દ્રીય - પોલીસ હેલ્પલાઇન, 1091/1291

181 નંબર-ઘરેલુ હિંસા સહિત હિંસાનો ભોગ બનેલી અને બાળકો માટે 24 કલાકની હેલ્પલાઇન. આ હેલ્પલાઇન 181 પર કૉલ કરીને, ઇમેઇલ કરીને અથવા ઑનલાઇન ચેટ કરીને ઉપલબ્ધ છે. બધા કૉલ મફત છે.

કોઈ પણ પ્રકારની મુશ્કેલી/હેરાનગતિની સહાય માટે પોલીસ હેલ્પલાઈન નંબર-૧૧૨ પર સંપર્ક કરવો. જરૂર જણાય તો અગત્યના સંપર્ક નંબર કોલેજમાં લગાવેલ છે.

## કોલેજની વિશેષ સિદ્ધિઓ

- વર્ષ ૨૦૨૩-૨૪માં કોલેજની વિદ્યાર્થિની વિભાક્ષી કે. દરજી એ આર્ટ્સ ફેકલ્ટીમાં સમગ્ર યુનીવર્સીટીમાં પ્રથમ ક્રમાંક મેળવી સંસ્કૃત વિષયમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ માં ડામોર મિત્તલ એ. ગુજરાતી વિષયમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે.
- વર્ષ ૨૦૨૪-૨૫ માં ડામોર ઉષાબેન પર્વતભાઈએ સમાજશાસ્ત્ર વિષયમાં યુનીવર્સીટી કક્ષાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે.
- વર્ષ-૨૦૨૪-૨૫માં કોલેજની પૂર્વ વિદ્યાર્થીનીઓ ખાંટ અનીતા અને દિવ્યા ડામોર અધ્યાપક બનવા માટેની GSET પરીક્ષા પાસ કરી.
- ૨૦૨૪-૨૫ માં કોલેજની ટીમે ઈંસ્ટોલેશન સ્પર્ધામાં લુધિયાણા ખાતે નેશનલ લેવલે સહભાગી થયા.
- ૨૦૨૫-૨૬માં કોલેજના વિદ્યાર્થી ખાંટ વિક્રમ માંણીયાભાઈએ કોલાજ સ્પર્ધામાં ચેન્નાઈ ખાતે નેશનલ લેવલે સહભાગી થયા.
- ૨૦૨૫-૨૬નાવર્ષદરમિયાન કોલેજમાં ડૉ.પ્રવીણ દરજી, ડૉ.ગૌરાંગ જાની, શ્રીસફીનહસન(IPS) ડૉ.બી. ડી. વનાર, ડૉ. વસંત પટેલ જેવા વિદ્વાન તજજ્ઞોએ કોલેજમાં વિવિધ વિષય પર વ્યાખ્યાન આપ્યા.
- ૨૦૨૫-૨૬ માં 80 કલાકની ફિનિશિંગ સ્કૂલ ટ્રેનિંગમાં વિદ્યાર્થીઓ જોડાયા.
- ૨૦૨૫-૨૬ માં 30કલાકની ઇનોવેશન ક્લબ આયોજિત ટ્રેનિંગમાં વિદ્યાર્થીઓ જોડાયા.
- ૨૦૨૪-૨૫ સેમેસ્ટર-૬ના વિદ્યાર્થી ભુપેન્દ્ર ડામોર વેસ્ટઝોન નેશનલ ઇન્ટીગ્રેટેડ કેમ્પમાં યુનીવર્સીટી ટીમમાં સહભાગી થઇ પાટણ યુનીવર્સીટી ખાતે એક સપ્તાહ તાલીમ મેળવી.
- ૨૦૨૫-૨૬ માં ધ્રુવી એમ. પ્રજાપતિ વેસ્ટઝોન નેશનલ ઇન્ટીગ્રેટેડ કેમ્પમાં યુનીવર્સીટી ટીમમાં સહભાગી થઇ અમદાવાદ ગુજરાત યુનીવર્સીટી ખાતે એકસપ્તાહ તાલીમ મેળવી.